સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

કરે 'ઓવરટેક' જે, સત્તા-સ્વાર્થમાં નડે છે,
જૂના શિસ્તબદ્ધ સેવકો માત થઇને પડે છે,
સડે સેવાના ખાબોચિયામાં કરે છે મજૂરી -
યોદ્ધાઓ ઘસે હાથ, અહીં શિખંડીઓ લડે છે..
(પક્ષ પલટુ-તકવાદી-આયાતીઓ)

હાઈકુ

પહેલાં નાચ્યાં
હવે આંપણું વાકું -
'નટરાજન'

પ્રગતિ પંથે..
અકસ્માતોમાં પણ -
નંબર વન..

ચિંતન

સ્થિરા શેલી ગુણવતાં ખલ બુદ્ધયા ન બાધ્યતે । રત્નદીપસ્ય હિ શિખા વાત્યયાપિન નશ્યતે ॥

'જેમ રત્નોના દિવાની સ્થિર જ્યોતિ (રત્નોના ઝગમગતો પ્રકાશ) પવનના મોટા તોફાન-વાવાઝોડાંથી ઓલવાતો નથી તેમ ગુણવાન મનુષ્યોની સ્થિર પદ્ધતિ પણ ખલ પુરુષોની બુદ્ધિથી અટકી જતી નથી.'

ગુણવાન-સંત-સજ્જન લોકો સમાજનું જે સેવાકાર્ય હાથમાં લે છે એ ગમે તેવાં અને ગમે તેટલાં વિઘ્નો આવે તો પણ હિંમત અને મક્કમ મજબૂત મનોબળથી તેને વળગીને પૂર્ણ કરે જ છે. ઘણીવાર સ્થાનિક અને સ્થાપિત હિતવાળા લોકો એમાં અડચણ ઊભી કરે છે - વિઘ્નો નાખી વિરોધ કરે - કરાવે પણ એમાં સફળ થતા નથી.

અહીં જે દૃષ્ટાંત દ્વારા આ વાત સમજાવવામાં આવી છે એ પણ સુંદર છે રત્નો-હીરા વગેરેનો ઝગમગાટ-પ્રકાશ કાયમી અને સ્થિર હોય છે એ હવા-પવનના ઝપાટાથી દીવાના પ્રકાશની જેમ હોલવાઇ કે ઝાંખો પડી જતો નથી. તેમ સજ્જનોનાં સત્કાર્યો-દુષ્ટબુદ્ધિના પ્રયત્નોથી મંદ કે બંધ થઇ જતા નથી.

આથી ગમે તેવાં વિઘ્નો-આપત્તિઓ આવે છતાં પણ સજ્જનો એ સત્કાર્યો ચાલુ જ રાખવા જોઇએ. સદ્પ્રવૃત્તિનો પ્રવાહ અસ્ખલિત રીતે વહેવો જ જોઇએ.

સુવિચાર

- દુનિયામાં રહેતા માણસ કરતાં માણસમાં રહેલો ઇશ્વર વધુ સમર્થ છે - શ્રીલંકન કહેવત
- જ્યાં સુધી માનવીની કર્મેન્દ્રીય અને જ્ઞાનેન્દ્રીય સહકારમાં રહીને કાર્ય કરતી નથી ત્યાં સુધી આત્મજ્ઞાન પ્રાપ્ત થતું નથી - એસ. ભટ્ટાચાર્ય
- જેના વપરાશથી સૌનું મંગળ જ થાય તે 'શ્રી'.. શ્રેય કરે તે શ્રી.. ગુણલક્ષ્મી, આત્મલક્ષ્મી, સંસ્કારલક્ષ્મી જેનો સંસ્કાર સંપત્તિમાં સમાવેશ થયેલો છે - પન્નાલાલ પટેલ
- આંતરિક શક્તિઓને પ્રગટ કરે તે શિક્ષણ, જે નિષ્ઠા અને સહનશીલતા શીખવે તે શિક્ષણ, જીવન કેમ જીવવું તે શીખવે તે શિક્ષણ - ફાધર વાલેસ
- જેમનું ભેજું ચાલે તેમની જીભ ઓછી ચાલતી હોય તો ફિકર કરશો નહી- જનકલ્યાણ
- આળસુ માણસ એટલે કાંટા વગરની ઘડિયાળ, જે ચાલુ હોય કે બંધ, બંને સ્થિતિમાં નિરૂપયોગી છે - વિલિયમ કૂપર
- શ્રીમંતાઇ હોય ત્યારે પશ્ચાતાપ નિરાંતે ઊંઘે છે.. અને વિપત્તિમાં એ જાગે છે - સંત રોબિન

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આપણા શરીર-સ્વભાવમાં કંઇ ને કંઇ ખોટ હોય છે એના અફસોસ સાથે દુખી થઇ જીવવા કરતાં એને સ્વીકારી આનંદથી, મોજ-મસ્તીમાં જીવવું..

એક કાવડિયો નદીમાંથી પણ ભરી દરરોજ પોતાના શેઠને ત્યાં જતો. એક ઘડામાં ઝીણી તડ હતી, તેથી બંગલે પહોંચતાં અર્ધો થઇ જતો...

આમને આમ બે-ત્રણ વર્ષ ચાલ્યું.

એક દિવસે કંટાળી ઘડાએ કાવડિયાને કહ્યું - ભાઇ! તું મહેનત કરી પાણી લઇ જાય છે પણ મારાથી માત્ર અર્ધું જ પાણી પહોંચે છે એનું મને દુખ છે તું મને બદલી કેમ નથી નાખતો અથવા કંઇક સમારકામ કરી નાખ! હું મારી જાતને ધિક્કારું છું અને દુઃખી થાઉં છું.. અને બીજા મારી સાથે ચાલતા ઘડાની પણ મને ઇર્ષા થાય છે.

કાવડિયો કહે - તારે દુખી થવાની જરા પણ જરૂર નથી. તું પહેલાં ઘડા કરતાં પણ શેઠને એ વધારે ઉપયોગી કામ આપે છે એ તને ખબર નથી, સાંભળ...

હું રસ્તાની તદ્દન ડાબી બાજુ ચાલુ છું બરાબર, ત્યાં આખે રસ્તે મેં રંગબેરંગી ફૂલના બીજ નાખ્યાં હતા. એ રસ્તે આજે ફૂલો ઉગ્યાં છે અને રસ્તાની શોભા સાથે શેઠની પૂજા અને ઘરની શોભા પણ વધારે છે. આ બધો યશ તારી તિરાડના બૂંદ-બૂંદ મળતાં પાણીને ફાળે જાય છે. તું પહેલાં ઘડાં કરતાં પણ વધારે સારી ઉપયોગી સેવા આપે છે તને કેમ બદલાવી નાખું?

તિરાડવાળા ઘડાને આત્મસંતોષ સાથે સંતોષ થયો.

Email - sureshchandrabhatt18@gmail.com

સરસ્વતી વંદના અને ઉર્દૂના વિવાદસર્જક રાજકીય તમાશા

અતીતની આજ

- ડો. હરિ દેસાઇ

હમણાં અમદાવાદ મહાનગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી ડો. લગધીર ડી. દેસાઈએ પરિપત્ર બહાર પાડીને કહ્યું - મહાપાલિકાની શાળાઓમાં વસંત પંચમીના દિવસે એટલે કે મહા સુદ પાંચમે (૨૪ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ) વિદ્યા, કળા, જ્ઞાન અને સંગીતની દેવી મા સરસ્વતીના પૂજન સાથે જ વિદ્યા મેળવીને એટલે કે શિક્ષણ પ્રાપ્ત કરીને જીવનનાં તમામ શિખર સર કરી શકાય છે તેવું વિદ્યાર્થીઓ સમજે તે હેતુથી આ દિવસે પ્રાર્થના સંમેલનમાં મા સરસ્વતી પૂજન કરવું તેમ જ સરસ્વતી વંદના કરવી અને તે થકી જ્ઞાનપ્રાપ્તિનો સંકલ્પ કરાવવો. વસંત પંચમી દિવસ જુદાં જુદાં રાજયો કેવી રીતે ઉજવે છે તેની માહિતી પ્રાર્થના સંમેલનમાં આપવી.

મા સરસ્વતીના પૂજન બાબતના આ પરિપત્ર અંગે પ્રસાર માધ્યમોએ મુસ્લિમ વિદ્યાર્થીઓવાળી ઉર્દૂ માધ્યમની કે ગુજરાતી માધ્યમની શાળાઓ અંગે વિવાદ સર્જ્યો. સદીઓથી ચાલી આવતી સરસ્વતી વંદનાને સર્વધર્મ સમભાવ અને વસુધૈવ કુટુમ્બકમમાં માનનારી સંસ્કૃતિના આ પ્રદેશમાં હિંદુ વિરુદ્ધ મુસ્લિમ ટકરાવનો મુદ્દો બનાવી દેવાયો. ભારતીય જનતા પક્ષનું અમદાવાદ મહાનગરપાલિકામાં વર્ષોથી શાસન છે. પાલિકાની શાળાઓને સરસ્વતી મંદિર ગણાવાય કે અદાલતોને ન્યાય મંદિર ગણાવાય તો એમાં મંદિર-મસ્જિદનો વિવાદ ખડો કરવાની વૃત્તિ-પ્રવૃત્તિ કરવા પાછળનો હેતુ જાણવાની અમે કોશિશ કરી.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ઉપાધ્યક્ષ અને વિજ્ઞાનના જાગૃત અધ્યાપક એવા ડો. હર્ષદ પટેલને પૂછયું તો કહે - ઓક્ટોબર ૨૦૧૫માં એટલે કે આ વર્ષે જ અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણી આવે છે. પત્યું. અત્યાર લગી ભાગ્યે જ શિક્ષણની દેવી ગણાતી સરસ્વતી દેવીની પૂજા-અર્ચના વિશે વિવાદ થયો છે. મા સરસ્વતીને કોઈ પણ ધર્મથી ઉપર ઠીને શિક્ષણ જગતમાં સર્વધર્મીય વંદના મળી છે. પરાપૂર્વથી આ ચાલતું આવ્યું છે. અંગ્રેજ શાસનમાં પણ આ પરંપરા અખંડ હતી. સેક્યુલરવાદી વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુના સમયમાં પણ તેમના મુસ્લિમ શિક્ષણ પ્રધાનોએ આ પરંપરાને રાજકીય મુદ્દો બનાવ્યો નહોતો. હજુ આજે પણ અમદાવાદમાં ઉર્દૂ માધ્યમની શાળામાં જેમનાં બાળકો ભણે છે એ મહેરબાન શેખને પણ સરસ્વતી વંદના કે પૂજા કે હિંદુ પ્રાર્થના સામે વાંધો નથી. વાંધો માત્ર જબરજસ્તીથી એ કરાવાય એ સામે છે. (અમદાવાદ મિરર ૨૪ જાન્યુઆરી ૨૦૧૫).

હકીકતમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની વેબસાઇટ પર ૧૯ જાન્યુઆરીના રોજ આ પરિપત્ર મુકાયેલો છે. એમાં ફરજ પાડવા કોઈ જોહુકમીની ભાષા મૂળ રબારી સમાજના શિક્ષિત એવા શાસનાધિકારીના પરિપત્રમાં લગીરે જણાતી નથી. સરસ્વતી વંદનાને રાજકીય મુદ્દો બનાવવામાં જે લોકો જોડાયા એમનો સંબંધ કાં તો કોંગ્રેસ સાથે છે કે પછી નાગરિક અધિકારોનાં ચળવળ સંગઠનો સાથે છે. વ્યક્તિના સ્વાતંત્ર્યને રુંધવાનું કામ કરાતું હોય, જોરજુલમ કરીને બાળકોને સરસ્વતી વંદના કરાવાતી હોય તો એ ભલે હિંદુ બાળકો હોય તો પણ એમનાં મા-બાપ એ સામે વિરોધ કરી શકે એને અમે વાજબી લેખીએ, પરંતુ ઉર્દૂને મુસ્લિમોની ભાષા ગણાવનારા કે સંસ્કૃતને હિંદુઓની ભાષા ગણાવનારા અજ્ઞાનીઓને અમારે કેટલાંક ઉદાહરણ આપવાં છે.

ઉર્દૂ ભારત વર્ષની ભાષા છે. લશ્કરી જરૂરિયાતમાંથી જન્મેલી ભાષા છે. એને રખે કોઈ વિદેશી ભાષા ગણી લે. હજુ હમણાં જ ભારતીય પ્રસાર માધ્યમો મદરેસાઓમાં ભણતાં હિંદુ બાળકો અને વિદ્યા ભારતી (સંઘ પરિવાર)ની શાળાઓમાં ભણતાં મુસ્લિમ બાળકો અંગેના મજાના અહેવાલ પ્રગટ થયા હતા. દેશના રાષ્ટ્રપતિ રહેલા પંડિત ડો. શંકરદયાળ શર્મા ઉર્દૂ માધ્યમમાં ભણ્યા હતા, પત્રકાર શિરોમણિ કુલદીપ નાયર ઇન્ડિયન એક્સપ્રેસ જૂથમાં તંત્રી રહ્યા પણ એ ઉર્દૂ માધ્યમમાં ભણ્યા હતા. પૂર્વ વડા પ્રધાન ડો.મનમોહન સિંહ પોતે પણ ઉર્દૂ માધ્યમમાં ભણ્યા. એટલું જ નહી, એમની ખ્યાતિ વિશ્વપ્રસિદ્ધ અર્થશાસ્ત્રીઓમાં થતી હતી, પણ વડા પ્રધાન તરીકે તેમનાં પ્રવચન એ કાં તો અંગ્રેજીમાં કે ઉર્દૂમાં લખેલાં વાંચતા હતા. સ્વાતંત્ર્ય માટે જાન કુરબાન કરનાર ભગત સિંહની ભાષા ઉર્દૂ હતી અને એ નાસ્તિક હતા.

એનાથી જરા જુદી વાત કરીએ. કટ્ટરવાદી મુસ્લિમ બાદશાહ ઔરંગઝેબનો મોટો ભાઈ અને બાદશાહ શાહજહાંનો સાચો વારસ દારા શિકોહ તો સંસ્કૃતનો મહાપંડિત હતો. એટલું જ નહી, એણે ઉપનિષદોનો ફારસીમાં અનુવાદ પણ કર્યો હતો. જેને સંઘ પરિવારવાળા વટાળ પ્રવૃત્તિનો પુરસ્કર્તા કહે છે એ મૈસૂરનો રાજવી ટીપૂ સુલતાન સંસ્કૃતનો સારો જ્ઞાતા હતો. એટલું જ નહી, મરાઠાઓ થકી શૃંગેરીનાં હિંદુ મંદિરો તોડવામાં આવ્યાં ત્યારે ત્યાંના શંકરાચાર્યના કહેવાથી ટીપૂએ એ મંદિરોનો જિર્ણોદ્ધાર કરાવ્યો હતો. શંકરાચાર્યને એ આરાધ્યગુરુ માનતો હતો એ વાત આજેય શૃંગેરી મઠના શંકરાચાર્યની સત્તાવાર વેબસાઇટ પર નોંધાયેલી છે.

હજુ થોડા વખત પહેલાં જેમનું નિધન થયું અને ભારત જ નહી વિશ્વના સંસ્કૃતના જ્ઞાતાઓને જેની ભારે ખોટ પડી એ મુંબઈની પાલિકા પ્રાથમિક શાળાના હિંદી શિક્ષક તરીકે નિવૃત્ત થયેલા પંડિત ગુલામ દસ્તગીર બિરાજદાર છેલ્લે છેલ્લે પવિત્ર કુરાનનો ઉર્દૂમાં અનુવાદ કરતા હતા. રિક્ષાવાળા સાથે એ સંસ્કૃતમાં વાત કરે તો એમની વાત સામાન્યજનને પણ સમજાય એવું આ લેખકે પણ એમની સાથેના વર્ષોના સંપર્કમાં અનુભવ્યું છે. સોલાપુરની પાઠશાળામાં ભણેલા પંડિત બિરાજદારનાં સંતાનોની નિકાહ (લગ્ન) પત્રિકાઓ ઉર્દૂ અને સંસ્કૃતમાં છપાઈ હતી એ અમે નિહાળ્યું છે. સદ્રત વડા પ્રધાન ઇન્દિરા ગાંધીએ એમને રાષ્ટ્રીય અધ્યાપક નિયુક્ત કરીને આઇએસ કે આઇપીએસ અધિકારીઓ માટે એમનાં વ્યાખ્યાનોમાં હાજરી આપવાનું ફરજિયાત કર્યું હતું. વરળીની ટેકરી પરની દરગાહમાં રહેતા પંડિત બિરાજદાર પોતે પવિત્ર કુરાન શબ્દ પણ કુ + રાન એટલે કે અવકાશમાંથી પ્રગટેલી પવિત્ર વાણી ગણાવતા અને એ શબ્દોનું મૂળ પણ સંસ્કૃત હોવાનું માનતા હતા.

પારસ્પરિક સદ્ભાવ અને સર્વધર્મ પ્રત્યે આદર જાળવવાની સંસ્કૃતિ એ આપણી ભવ્ય પરંપરા રહી છે. વસુધૈવ કુટુમ્બકમની ભાવના આપણો આદર્શ રહ્યો છે. હિંદુઓ મસ્જિદ કે દેવળ સામેથી પસાર થતાં આદર દર્શાવે, એ જ રીતે મુસ્લિમ અને ખ્રિસ્તીમાં પણ હિંદુ દેવાલયો ભણી આદર જાળવવાની પરંપરા જોવા મળે છે. કટ્ટરવાદીઓ આ સહઅસ્તિત્વની પરંપરાને તોડવા સતત સક્રિય રહીને પોતાના સ્વાર્થનાં રાજકારણ ખેલે છે ત્યારે વિવિધ ધર્માવલંબી મારગથી ભટકીને ટકરાવની સ્થિતિને સ્વીકારે છે.

ગાંધીજીને પ્રિય એવી સર્વધર્મ પ્રાર્થના- ૐ તત્ સત્, શ્રી નારાયણ તૂ, પુરુષોત્તમ ગુરુ તૂ માં ઈશુ, રામ, રહીમ, તાઓ સૌની વાત આવે જ છે. યા કુન્દેન્દુ - તુષાર - હાર ધવલા... સરસ્વતી વંદનાની અંતિમ પંક્તિ તો સમગ્ર અજ્ઞાનનો નાશ કરનાર દેવી સરસ્વતી મારું રક્ષણ કરો એ સૌને માટે, પ્રત્યેક ધર્મી માટે અંતે તો કલ્યાણકારી જ છે. ૧૮૫૭ની ક્રાંતિમાં કે આઝાદીની લડતમાં હિંદુ-મુસ્લિમ ખભેખભા મિલાવીને વંદે માતરમ્ નું ગાન કરતા હતા ત્યારે હિંદુ-મુસ્લિમના ધાર્મિક ભેદ નડતા નહોતા. સ્વતંત્રતા પછી વંદે માતરમ્ માં મૂર્તિપૂજા નિહાળનારા જી. એમ. બનાતવાલા (હવે મરહૂમ) જેવા મુસ્લિમ લીગી નેતા તેમના નગર સેવકથી સંસદ સભ્ય સુધીના કાળમાં ગૃહમા વંદે માતરમ ને આદર આપવા ભા રહેતા હતા, ભલે એનું ગાન કરતા ના હોય.ગુજરાત અને કેરળની વડી અદાલતો પછી ભારતની સર્વોચ્ચ અદાલતે (સુપ્રીમ કોર્ટે) પણ આપેલા ચુકાદા મુજબ કોઈ પણ નાગરિકને રાષ્ટ્રગીત ગાવાની ફરજ પાડી શકાય નહી!

સરસ્વતી વંદનાનો નિરર્થક વિવાદ શિક્ષણની સઘળી વ્યવસ્થાને તોડવાના ષડયંત્ર જેવું અનુભવાય છે. ક્યારેક વિશ્વ વિખ્યાત ચિત્રકાર (મરહૂમ) એમ. એફ. હુસૈન હિંદુ દેવીઓનાં નગ્ન ચિત્ર દોરીને એને ચિત્રકારની મૌલિકતા લેખાવવાની વિકૃતિને પોતાનું સ્વાતંત્ર્ય ગણાવતા હતા કે પછી કેન્દ્રીય સાહિત્ય એકેડેમીના અધ્યક્ષ રહેલા મશહૂર બંગાળી લેખક (હવે સ્વ.) સુનીલ ગંગોપાધ્યાયને સરસ્વતી દેવીમાં સેક્સ અપીલનાં દર્શનની વિકૃતિ અનુભવાતી હતી. આવા વિવાદ સર્જક ઉદાહરણો આપણા દેશમાં - સંસ્કૃતિમાં - ભારત વર્ષમાં અનેક જોવા મળે છે. આસ્તિકો અને નાસ્તિકોને આપણે સ્થાન આપ્યું છે. ચાર્વાક દર્શન ભારતીય પરંપરામાં આગવું સ્થાન ધરાવે છે. અનેકતામાં એકતા એ આ દેશની સાંસ્કૃતિક પરંપરા છે. રખે આપણે એને ટૂંકા રાજકીય સ્વાર્થ ખાતર તોડીએ.

૧૮૫૭ની સ્વાતંત્ર્ય ક્રાંતિમાં મુઘલ બાદશાહ બહાદુર શાહ ઝફરે નેતૃત્વ પૂરું પાડ્યું. એમના નેતૃત્વને નાનાસાહેબ પેશવા અને ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ સહિતનાં અંગ્રેજોના શાસનનો અંત ઝંખતા સૌ કોઈ હિંદુ-મુસ્લિમોએ સ્વીકાર્યું હતું. એ પછીના આઝાદીના સંગ્રામમાં પણ કોમી એકતાનો મુખ્ય સંદેશ લઈને રાષ્ટ્રહિતની ચિંતા કરનારાઓ આગળ વધ્યા છે. જેમણે મઝહબને નામે પાકિસ્તાન નામનો નોખો ચોકો કર્યો એવા કાયદે આઝમ મોહમ્મદ અલી ઝીણાએ પણ છેલ્લા દિવસોમાં ભારતીય રાજદૂત શ્રીપ્રકાશ સમક્ષ પશ્ચાતાપ વ્યક્ત કર્યો જ હતો ને!

આજનો મનુષ્ય પરિવર્તનની પીડા ભોગવી રહેલો દયનીય દરદી છે, પરિવર્તનની ઝડપને કારણે એનો ખાટલો બદલાતો રહે છે, પરંતુ હોસ્પિટલ છૂટતી નથી, હોસ્પિટલ ગમે તેટલી સગવડયુક્ત હોય તો પણ ઘરનો વિકલ્પ નથી બની શકતી

ઘરે ઘરે પરિવર્તનની પીડા

- ગુણવંત શાહ

પ્રત્યેક મનુષ્ય વી.આઇ.પી. છે. આજે પૃથ્વી નામના નાનકડા ગ્રહ પર છ અબજ કરતાં વધારે મનુષ્યોનાં હૃદય સતત ધબકી રહ્યાં છે. એ બધાં જ હૃદયોમાં પ્રેમદેવતાનો અને લાગણીદેવીનો નિવાસ છે. કોઇ અકળ સેતુ દ્વારા એ બધાં જ હૃદયો જોડાયેલાં છે. બધાં પશુપંખીઓ અને જીવજંતુઓ મનુષ્યના મિત્રો છે. વેદ કહે છે : મિત્રસ્ય ચક્ષુષા સમીક્ષામહે / સર્વ પ્રાણીઓને મિત્રભાવે જોવા માટે આસ્તિક હોવાનું ફરજિયાત નથી. સાચી મૈત્રી અને સાચી ભક્તિ વચ્ચે તત્વતઃ બહુ મોટો તફાવત નથી. કેટલાય નાસ્તિક ભક્તો સગી આંખે જોયા છે અને કેટલાય આસ્તિત સેતાનો આશ્રમને અભડાવે છે. પૃથ્વી પર કરોડો વર્ષની ઉત્ક્રાંતિ પછી પાંગરેલી મનુષ્યતાના અભિવાદનથી ચડિયાતા કોઇ પણ ધર્મની મને ખબર નથી. મનુષ્યના નિર્મળ હૃદયથી વધારે સુંદર હોય એવું કોઇ મંદિર મેં જોયું નથી.

એકવીસમી સદીની ઊઘડતી ઉષાએ મનુષ્યતા કણસી રહેલી જણાય છે. પોતાની સહજ સ્વસ્થતા જાળવી રાખવા માટે સતત મથવું પડે છે. એવી સ્થિતિમાં આજનો માણસ જીવી રહ્યો છે. પહેલાના સમયમાં પણ બેચેની ઓછી ન હતી, પરંતુ તે આજની બેચેની જેટલી આક્રમક ન હતી. ટેકનોલોજીએ તો આપણી તાણને પણ બેબાકળી બનાવી મૂકી છે. પહેલાંના સમયમાં સ્વસ્ત રહેવા માટે પ્રયત્ન કરવો પડતો. આજે સ્વસ્થ રહેવા માટે હઠ પકડવી પડે છે. આપણી સ્વસ્થતા ખતમ થાય તે માટે બધા પરિબળો જાણે ટાંપીને બેઠાં છે! સાધુ પણ સ્વસ્થ ન રહી શકે એવી પરિસ્થિતિ છે.

વિવેકભ્રષ્ટ થવા માટે બધી જ અનુકૂળતાઓ હાજરાહજૂર છે. શરીરને કાટ લાગે અને મનને લૂણો લાગે તેવા વ્યસનોથી બચવાનું અશક્ય બની જાય તેવો માહોલ છે. જીવનને નષ્ટ - ભ્રષ્ટ કરે અને રોગને આમંત્રણ આપે તેવી માનસિકતા યુનિવર્સિટી કેમ્પસ પર અડ્ડો જમાવીને બેઠા છે. ફેશનની સરમુખત્યારશાહી માણસો પર મનોવૈજ્ઞાનિક સ્ટીમરોલર ફેરવી રહી છે. ફેશન માણસની વિચારશક્તિ પર સીધો પ્રહાર કરે છે. જ્યાં વિચારશક્તિ નંદવાય છે ત્યાં મનુષ્યતાને લૂણો લાગે છે. ટેકનોલોજીનું ઉદ્ભવસ્થાન મનુષ્યનું મસ્તિષ્ક છે, પરંતુ વિચારશક્તિની માવજત કરવાની જવાબદારી ટેકનોલોજીની નથી. ટેકનોલોજી ઉપકરણોના વિકાસની માતા છે અને માતા આદરણીય છે. અંતઃકરણના વિકાસની જવાબદારી મનુષ્યની પોતાની છે.

આજનો મનુષ્ય પરિવર્તનની પીડા ભોગવી રહેલો દયનીય દરદી છે. પરિવર્તનની ઝડપને કારણે એનો ખાટલો બદલાતો રહે છે, પરંતુ હોસ્પિટલ છૂટતી નથી. હોસ્પિટલ ગમે તેટલી સગવડયુક્ત હોય તો પણ ઘરનો વિકલ્પ નથી બની શકતી. સગવડમાં વધારો થયો છે, પણ સુખ વધ્યું જણાયું નથી. આવું કહેવામાં સગવડ પ્રત્યેનો અણગમો વ્યકત થયો નથી. માત્ર એટલું જ કહેવું છે કે સુખ અને સગવડ વચ્ચેનો આજનો તફાવત વિકરાળ છે. એસી લાગેલું હોય એવા ઓરડાની ઠંડક પણ માણસની અંદરની બળતરાને મટાડી ન શકે તો શા કામની?

ઉપકરણોની વિકાસયાત્રા વર્ષોથી ચાલતી આવી છે. માણસે પહેલીવાર તીરકામઠું વાપર્યું અને અવકાશયાત્રા કરી, એ બે ઘટનાઓ વચ્ચે બાર હજાર વર્ષનું અંતર પડી ગયું! લાંબા હાડકાંને હાથમાં રાખવાથી પોતાની હાથની શક્તિ વધે એવો ખ્યાલ આદિમાનવને આવ્યો પછી કાળક્રમે લાઠી હથિયાર બની ગઇ. આર્થર ક્લાર્કના પુસ્તક પર આધારિત ફિલ્મ '2001 : A Space Odyssey' માં પથ્થર સાથે હાડકું અફાળનારા આદિમાનવને પોતાની શક્તિમાં વધારો થતો જણાયો તેનો રોમાંચ બતાવાયો છે. એ આદિમાનવે લાંબા હાડકાંને આકાશમાં ફંગોળ્યું અને ઊંચે ગયેલું એ હાડકું તરત રોકેટ બની રહ્યું! એ દૃશ્ય વિચારમાં નાખી દે તેવું છે. ઇલિનોઇ યુનિવર્સિટીના વિજ્ઞાની સ્ટેન્લી એન્બ્રોસ કહે છે કે નવાં નવાં ઉપકરણોની શોધની અસર માનવીની ઉત્ક્રાંતિ પર પડેલી જણાય છે. વાત તો સાચી છે, પરંતુ એક બાબત સમજાતી નથી; માણસના માંહ્યલાને ટાઢક કેમ નથી? એના મનને પરિતોષ કેમ નથી?

"The miracle is not to fly in the air, or to walk on the water; but to walk on the reath"

- Chinese Proverb

હિન્દુ એડોપ્શન એન્ડ મેન્ટેનન્સ એકટની કલમ ૧૯ મુજબ વિધવાના ભરણ પોષણની જવાબદારી સસરાની રહે છે

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

હિન્દુ એડોપ્શન એન્ડ મેન્ટેનેન્સ એકટની ૧૯૫૬ ની વ્યાખ્યામાં પરિવર્તન કરતો ચુકાદો તાજેતરમાં હરીયાણા હાઈકોર્ટે આપી જણાવેલ છે કે હિન્દુ એડોપ્શન એન્ડ મેન્ટેનેન્સ એકટની કલમ ૧૮ મુજબ પત્નીની જવાબદારી પતિ ઉપર જ છે પરંતુ જો પતિ શારીરિક કે માનસીક રીતે પત્નીનું ભરણપોષણ કરવા સક્ષમ ના હોય તેમજ પતિના મરણબાદ વિધવા પત્ની ના ભરણપોષણની જવાબદારી કુટુંબના વડા તરીકે સસરાની નક્કી થાય છે. જે ૧૯૫૬ ના મેન્ટેનેન્સ એકટના કાયદા શાખાએ પણ તાજેતરમાં સુધારા કરવા ભલામણ કરેલ છે. જેના આધારે પરિવારની વહુ સાસુ સસરાની મિલ્કતમાં પણ સહમાલીક ગણાય અને સંપત્તીમાં હિસ્સો માંગી શકે છે આ કાયદા પ્રમાણે છૂટાછેટા લીધેલા દંપત્નીમાં પતિના રહસ્યમય તથા ગુમ થવા અથવા શારિરીક માનસીક રીતે સક્ષમ ના હોય તો તેવી સ્થિતિમાં પત્નીના ભરણ પોષણની જવાબદારી કુટુંબના વડા તરીકે સસરાની નક્કી કરવામાં આવી છે પત્ની સંયુક્ત પરિવારના સભ્યો પાસેથી પોતાનું તેમજ પોતાના બાળકોનું ભરણ પોષણ માંગી શકે છે અને તે મેળવવા માટે સક્ષમ કોર્ટમાં સંયુક્ત પરિવાર સામે દાવો પણ કરી શકે છે તેમજ સંયુક્ત પરિવારની મિલ્કતમાં પોતાનો તથા સગીરનો ભાગ, હક્ક, હિસ્સો મેળવવા માટે દાવો પણ કરી શકે છે અને ન્યાય મેળવી શકે છે તેવી ભલામણ કાયદા શાખાએ સરકારશ્રીને તાજેતરમાં ૧૯૫૬ ના મેન્ટેનેન્સ અને એડોપ્સન એકટમાં સુધારા સુચવેલ છે જેનો આગામી સમયમાં અમલ કરવામાં આવશે જેનાથી વિધવા, ત્યકતા મહિલાઓને ન્યાય મળી શકશે. આવો કેસ ચાલતા જેમાં મહિલાનો પતિ માનસીક રીતે સ્વસ્થ્ય ન હોતો અને આ મહિલા હિન્દુ સંયુક્ત પરિવારમાંથી આવતી હતી અને તેણે કોર્ટ સમક્ષ ભરણ પોષણની અરજ કરેલ આ મામલામાં નામદાર કોર્ટે લો કમિશનને કાયદામાં રહેલ તૃટીઓને પુરી કરવા માટે ભલામણ કરતા સરકારના કાયદા શાખાએ હિન્દુ મેન્ટેન્સ એન્ડ એડોપ્શન એકટ ૧૯૫૬ ની કલમ ૧૮ તથા ૧૯ માં નવા સુધારા કરવા માટેની ભલામણનો સ્વીકાર કરી કાયદામાં જરૂરી સુધારા વધારા કરવા માટે પ્રક્રિયા હાથ ધરેલ છે ટૂંકા સમયમાં આવો ખરડો પસાર કરી કાયદાનું સ્વરૂપ આપવામાં આવશે જેનાથી લાખો મહિલાઓને ફાયદો થશે તેમજ તેમના પતીની ભરણ પોષણ કરવાની અક્ષમતાને કારણે કોર્ટ કચેરીના ધક્કા તથા સમય અને નાણાનો વ્યવ થતો હતો તે બચશે અને મહિલાને પોતાના પતી તથા સાસરીયાની મિલ્કતમાં કાયદેસરનો હક્ક સીધી રીતે જ મળશે.

ભરણ પોષણના કાયદાની કલમ ૧૮ મુજબ પત્નીની ભરણ પોષણની જવાબદારી માત્ર પતી ઉપર જ નક્કી કરવામાં આવેલ જેમાં કલમ ૧૯ મુજબ લો કમિશનને સદર કાયદામાં રહેલ આવી વ્યવસ્થા કરવા તેમજ કાયદામાં સુધારો મંજુર કરવામાં આવે તો એડોપ્સન એન્ડ મેન્ટેનન્સ એકટ ૧૯૫૬ માં સુધારા થઈ શકે છે અને સંયુક્ત પરિવારમાં રહેતો મહિલાનો પતી પોતાની પત્ની તથા બાળકોનું ભરણ પોષણ કરવા સક્ષમ ના હોય તો આવી જવાબદારી કુટુંબના વડાની રહેશે આવી સ્થિતિમાં સસરાને પુત્રવધુ તથા પૌત્ર-પૌત્રીઓનું ભરણ પોષણ ચુકવવું પડશે.

કાયદા પ્રમાણે મહિલા તેના સાસુ,સસરાની મિલ્કતમાં પણ હક્ક માંગી શકે છે અને જો આવો હક્ક પ્રથમથી જ મેળવી લીધેલ હોય તો તે પરિવાર પાસે ભરણ પોષણનો હક્ક માંગી શકે નહિ.